## ચાર વર્ષમાં વિદેશી શૈક્ષણિક સંસ્થા સાથે ૬૭ એમઓયુ કરાયા

# એમએસ યુનિ. દ્વારા ૬ દેશની ૧૨ શૈક્ષણિક સંસ્થા દ્વારા MOU કરાયા

### USA, UK, જાપાન, ઘાના, મોરેશિયસ, નેપાળ સહિતના દેશો સાથે શૈક્ષણિક MOU

। વડોદરા ।

એમએસ યુવિનર્સિટીની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર દ્વારા છેલ્લા કેટલાક મહિનામાં વિશ્વની ૧૨ પ્રતિષ્ઠિત યુનિવર્સિટી તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં છેલ્લા ચાર વર્ષમાં કરવામાં આવેલા ઈન્ટરનેશનલ એમઓયુનો આંક આ સાથે ૬૭ પર પહોંચ્યો છે. તાજેતરમાં કરવામાં આવેલા એમઓયુમાં યુએસએની ચાર, ઘાનાની બે, જ્યારે જાપાન, નેપાલ, સાઉથ એશિયા, ભારત, મોરેશીયસ અને યુકેની એક-એક સંસ્થાનો સમાવેશ થાય છે.

એમએસ યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી વધી રહી છે. ત્યારે એમએસ યુનિ.ના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો. યોગેશ સિંગના સમયમાં ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર શરૂ કરવામાં આવી હતી. જેમના દ્વારા વિદેશની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા જુદા જુદા વિષયોમાં એમઓયુ માટે પ્રયાસો કરવામાં આવે છે. જે હેઠળ છેલ્લા ચાર વર્ષમાં વિશ્વની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ સાથે ૬૭ જેટલા એમઓયુ કરાયા છે. જ્યારે છેલ્લા કેટલાક મહિનામાં જ ૧૨ એમઓયુ કરાયા છે.

છેલ્લા કેટલાક મહિનામાં કરાયેલા એમઓયુમાં યુએસએની ચાર, ઘાનાની બે, જ્યારે જાપાન, નેપાલ, સાઉથ એશિયા, ભારત, મોરેશીયસ અને યુકેની એક-એક સંસ્થાનો સમાવેશ થાય છે. જે સંસ્થાઓ દ્વારા ફેમેલી એન્ડ કોમ્યુનિટી સાયન્સીસ ફેકલ્ટીના ફૂડ એન્ડ ન્યૂટ્રીશીયન, હયુમન ડેવલોપમેન્ટ એન્ડ ફેમેલી સ્ટડીઝ તેમજ ક્લોથિંગ એન્ડ ટેક્સટાઈલ વિભાગ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જ્યારે આર્ટસ ફેકલ્ટીમાં સંસ્કૃત મહાવિદ્યાલય, પર્શીયન અને હિસ્ટ્રી વિભાગ સાથે જ્યારે કોમર્સ ફેકલ્ટીમાં બિઝનસ ઈકોનોમિક્સ અને કોમર્સ એન્ડ બિઝનસ મેનેજમેન્ટ વિભાગ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં યુનિવર્સિટી ઓફ એસેક્સ, યુકે દ્વારા યુનિ.ના તમામ વિભાગો માટે યુનિ. સાથે એમઓયુ કરવામાં આવ્યું છે.

### કઇ કઇ સંસ્થા સાથે એમઓયુ કરાયા ?

• કોલેજ ઓફ એપ્લાઇડ ફૂ. એન્ડ ડેરી ટેક્નોલોજી, યુએસએ • શ્રી સિદ્ધી વિનાયક ટેમ્પલ INC, DBA કુબેર ભંડારી અને શક્તિધામ ટેમ્પલ, યુએસએ • કલ્ચરલ હાઉસ ઓફ ઇસ્લામીક રીપબ્લીક ઓફ ઇરાન, મુંબઇ, ઇન્ડિયા • IBAVI, વેસ્ટર્ન વોશિંગટન યુનિવર્સિટી, યુએસએ • IEPA, યુનિવર્સિટી ઓફ કેપ કોસ્ટ, ઘાના • કોટન કનેક્ટ સાઉથ એશિયા પ્રા. લી., સાઉથ એશિયા • ક્વામે નકરુમહ યુનિવર્સિટી ઓફ સયાન્સ એન્ડ ટેક્નોલોજી, ઘાના • ઇન્ટરનેશનલ ફૂડ પોલીસી રિસર્ચ ઇન્સ્ટિ., હાર્વેસ્ટ પ્લસ પ્રોગ્રામ, યુએસએ • યુનિવર્સિટી ઓફ મોરેશીયસ, મોરેશીયસ • યુનિવર્સિટી ઓફ એસેક્સ, યુકે • ધ વર્લ્ડ Inc., જાપાન